જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૯/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૧૫/૧૭

જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :

## વાહનચોરી ગુનામાં છેલ્લા ચાર માસથી નાસતા ફરતા ગુનેગારને પકડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા નાઓ સાથે સર્વેલન્સ સ્કોડના અહેકો બળવંતસિંહ મંગળસિંહ તથા અપોકો રાજેન્દ્રસિંહ ભાવસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે અત્રેના પો.સ્ટેના ફ.ગુ.ર.નં ૪૧/૧૬ ઇપીકો કલમ ૩૮૧ ના કામનો નાસતો-ફરતો આરોપી રમેશભાઈ નાનાભાઈ માલીવાડ ઉ.વ ૨૪ રહે- ગામ-ખાતવા દુધડેરી પાસે પટેલ ફળીયુ, તા-કડાણા જી-મહીસાગર નાને આજરોજ તા:૨૨/૦૯/૧૭ ના ક:૧૦/૦૦ વાગે પકડી પાડેલ છે.અને સદર ગુનાના કામે ચોરીએ ગયેલ સ્વીફ્ટ કાર નં જીજે-૨૭-એ.એમ-૪૨૪૯ કિંમત રૂ ૫,૦૦,૦૦૦/- ની પણ કબ્જે કરવામાં આવેલ છે.આ રીતે જીઆઈડીસી વટવા પો.સ્ટેના વાહન ચોરીનો ગુનો ડીટેક્ટ કરેલ છે.



**મહિલા ક્રાઇમ બ્રાન્ચ :**

**અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન શહેર ના વિવિધ વિસ્તારોમાંથી એન્ટીક્રોચ ટીમો ગોઠવી મહિલાઓ સાથે ચેનચાળા કરતા ૧૪ યુવાનોને ઝડપી પાડ્યા.**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનું આયોજન થતું હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પ્લાન ઘડી કાઢી સઘન પેટ્રોલીંગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબરસેલ ના મહિલા અધિકારી/કર્મચારી ઓને એન્ટી ડીકોન ની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય ૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં આજ રોજ બંદોબસ્ત પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન એન્ટી ડીકોયની ટીમોએ ખાણી-પીણી ના બજારો, જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઠવેલ આ દરમ્યાન મહિલા કર્મચારીઓને ટ્રેડીશનલ ડ્રેસમાં મોકલી ડીકોય ગોઠતા કુલ્લે-૧૪ યુવાનો એ ડીકોયમાં મોકલેલ ટ્રેડીશનલ ડ્રેસવાળી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમાં ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૃધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે.

**સુરક્ષા સેતુ રથ:**

નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીનિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.